ક્રમાંક–૮

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૧ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૯ અને ૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૫૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૧ કલાકે પૂરો થયો.

**૨. સરકારી વિધેયક**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૪–૨૫ ના વર્ષના અંદાજપત્ર પરના ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે જે ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ૩ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૩) શ્રી વિમલભાઇ ચુડાસમા

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય ઉપર શુક્રવાર, તા. ૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા ( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૩) શ્રી ભરતભાઇ પટેલ
(૪) શ્રી અભેસિંહ તડવી
(૫) ડો.મહેન્દ્રભાઇ પાડલિયા
(૬) શ્રીમતી માલતી મહેશ્વરી
(૭) શ્રી ભગવાનજીભાઇ કરગટીયા
(૮) શ્રી મહેશભાઇ ભુરીયા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૯) શ્રી લવિંગજી સોલંકી | (૧૪) શ્રી પંકજભાઇ દેસાઇ |
| (૧૦) શ્રી અરવિંદભાઇ લાડાણી | (૧૫) શ્રી અમુલ ભટ્ટ |
| (૧૧) શ્રી મુકેશકુમાર પટેલ | (૧૬) શ્રી ઉમેશભાઇ મકવાણા |
| (૧૨) શ્રી કનૈયાલાલ કિશોરી | (૧૭) શ્રી કેશુભાઇ પટેલ |
| (૧૩) શ્રી અમીત શાહ | (૧૮) શ્રી કુંવરજીભાઇ હળપતિ(રા.ક.ના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) |

**સભાગૃહ, મંગળવાર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪-૩૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.